# 30

**જુનાગઢ જિલ્લાના માણાવદર, મેંદરડા અને વંથલી તાલુકામાં ચેકડેમ, તળાવો, જળાશયો**

**∗15/4/70: શ્રી અરવિંદભાઈ જીણાભાઈ લાડાણી (માણાવદર): માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:**

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ જુનાગઢ જિલ્લાના માણાવદર, મેંદરડા અને વંથલી તાલુકામાં તાલુકાવાર જળ સંપત્તિ પ્રભાગ હસ્તકના કેટલા નાના, મધ્યમ અને મોટા ચેકડેમ, તળાવો અને જળાશયો આવેલા છે,

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી ક્યા ચેકડેમ, તળાવો અને જળાશયોમાં કેટલો કાંપ ભરાયેલ છે,

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમા વર્ષવાર, ઉક્ત તાલુકાવાર કેટલા ચેકડેમ, તળાવો અને જળાશયોમાંથી કેટલો કાંપ કાઢવામાં આવ્યો, અને

(૪) બાકી કાંપ ક્યાં સુધીમા કાઢવામાં આવશે?

**જવાબ**

(૧) તાલુકાવાર વિગતો નીચે મુજબ છે.

(અ) માણાવદર તાલુકામાં ૧૪૦ ચેકડેમો, ૩૪ તળાવો અને ૦૧ જળાશયો આવેલા છે.

(બ) મેંદરડા તાલુકામાં ૫૩૨ ચેકડેમો, ૧૯ તળાવો અને ૦૩ જળાશયો આવેલા છે.

(ક) વંથલી તાલુકામાં ૨૦૯ ચેકડેમો, ૨૨ તળાવો અને ૦૪ જળાશયો આવેલા છે.

(૨), (૩) અને (૪)

છેલ્લા બે વર્ષમાં ચેકડેમ, તળાવો અને જળાશયોમાંથી કાઢવામાં આવેલ કાંપની વિગતો નીચે મુજબ છે.

| તાલુકો | વર્ષ ૨૦૨૨ | | વર્ષ ૨૦૨૩ | |
|---|---|---|---|---|
| | ચેકડેમ / તળાવ / જળાશયની સંખ્યા | કાંપનો જથ્થો (ઘન મીટરમાં) | ચેકડેમ / તળાવ / જળાશયની સંખ્યા | કાંપનો જથ્થો (ઘન મીટરમાં) |
| માણાવદર | ૩૧ | ૧,૨૨,૮૦૦ | ૧૯ | ૬૩,૦૦૦ |
| મેંદરડા | ૪૬ | ૭૮,૯૦૦ | ૩૦ | ૬૨,૧૫૦ |
| વંથલી | ૪૪ | ૪,૧૩,૩૫૦ | ૪૧ | ૩,૧૯,૭૦૦ |

ચેકડેમો, તળાવ, જળાશયમાં કાંપ ભરાવાની બાબત એક સતત ચાલતી કુદરતી પ્રક્રિયા છે અને સ્થળસ્થિતિ તેમજ જરૂરીયાતો અનુસાર વખતો-વખત કાંપ કાઢવામાં આવતો હોય છે.

-------------------